# અખબારયાદી
# ગાર્ડન ખાતુ
# સુરત મહાનગરપાલિકા

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.

૫ જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી અંતર્ગત નવી સિવીલ હોસ્પીટલ ખાતે રાજય સરકારના સામાજિક વનીકરણ વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે માન.મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન મહિલા અને બાળ કલ્યાણ અને શ્રી રમણલાલ પાટકર માન.રા.ક.મંત્રીશ્રી, વન અને આદિજાતિ વિકાસની ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી હેમાલીબેન બોઘાવાલા, ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી પરેશભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી અમિતસિંગ રાજપુત, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, દંડકશ્રી વિવેકભાઈ પટેલ, ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી રેશ્માબેન લાપસીવાલા અને મ્યુ.સભ્યશ્રીઓ તથા જીલ્લા વિકાસ અધિકારી, મુખ્ય વન સંરક્ષકશ્રી નાયબ વન સંરક્ષકશ્રી સિવીલના તબીબી અધિક્ષકશ્રી, , નર્સીગ સ્ટાફ, વન વિભાગ અને મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓની હાજરીમાં કોવિડ–૧૯ વૈશ્વિક મહામારીના સમયમાં સોશીયલ ડીસટન્સ જાળવી સવારે ૯–૦૦ કલાકે સાઉથ ઝોનમાં જુની કનસાડ નગરપાલિકાની કચેરીની બાજુનાં ગાર્ડન પ્લોટમાં અને સવારે ૧૦–૦૦ કલાકે ન્યુ સિવિલ હોસ્પિટલ, કિડની હોસ્પિટલ બિલ્ડીંગ ખાતે વૃક્ષારોપણ અને તથા ન્યુ સિવિલ અને સ્મીમેર હોસ્પિટલના કોરોના વોરીયર્સ સ્ટાફને સન્માનપત્ર સાથે તુલસીના રોપાઓનું વિતરણ કરવામાં આવેલ હતું.

સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમ હોલ ખાતે મા.મહાનુભવોના ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિવસનું મહત્વ સમજાવતા ઉદ્દબોધન બાદ સુ.મ.પા. હદ વિસ્તારના ગ્રીન કવરેજની ગ્રીન કવર અને ટ્રી કવરના વિસ્તારનું સેટેલાઈટ ઈમેજથી (પોલીગોન જીઓમેટ્રી પધ્ધતીથી અધ્યન અને મેપીંગ) સર્વેના પરિણામ મુજબ સુરત શહેરમાં હાલ પર્યન્ત ૧૮% ટ્રી કવર અને ૩૮% ગ્રીન કવર (વોટર બોડીઝ, નદીઓ, એગ્રીકલ્ચર લેન્ડ, ટ્રી કવર અને અન્ય વેજીટેશનનો સમાવેશ થાય છે.) હોવાના કરવામાં આવેલ સર્વે રીપોર્ટના પરિણામે વર્ષ ૨૦૨૦–૨૧ ની સ્માર્ટ સીટી હરીફાઈમાં ગ્રીન કવર કેટેગરીમાં ૧૦૦ % ગુણ મેળવેલ અને સુરત શહેર બીજા ક્રમે વિજય મેળવેલ હતો. તેની માહિતી રૂપ **"ગ્રીન કવર ઓફ સુરત – ૨૦૨૦ "** પુસ્તીકાનું મહાનુભવો હસ્તક વિમોચન પણ કરવામાં આવેલ હતું.

૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિતે કુલ **૭૫૦** નંગ લીમડાના વૃક્ષોના રોપાનું વૃક્ષારોપણ અને તુલસીના **૧૦૧૦** નંગ રોપાનું વિના મૂલ્યે વિતરણ તથા તમામ ઝોનમાં **૧૭૨૬** રોપાનું વૃક્ષા રોપણ તેમજ રોપા પ્લાન્ટેશન અને તમામ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની નર્સરી ખાતેથી નગરજનોને ૪૦૯૦ રોપાનું વિતરણ "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી નિમિત્તે કરવામાં આવેલ હતું. સુ.મ.પા.ના ૪૯ હેલ્થ સેન્ટર ખાતે **૧૬૭** લીમડાના વૃક્ષો નું પ્લાન્ટેશન કરવામાં આવેલ અને ફ્રન્ટલાઈન કોવિડ વોરીયર્સ સ્ટાફને **૯૨૬** તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવેલ હતું. ખાનગી સ્થળોએ વૃક્ષારોપણ કરવા માટે સુ.મ.પા. ની વેબસાઈટ અને મોબાઈલ એપ પર નોંધણીનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેનો નગરજનો મોટી સંખ્યામાં ભાગ લઈ ગ્રીન સુરત કેમ્પેઈનમાં જોડાવા જણાવવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૪૧૭**
**તા.૦૫/૦૬/૨૦૨૧**